પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૭૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૩-૦૩-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 178 PRICE :-RS. 1.50 DATE : 23-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### મહારાષ્ટ્રમાં ચાલી રહેલા ઘમાસાણ વચ્ચે શિવસેના સાંસદની સરકારને ચેતવણી

## મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસનનો વિચાર પણ ના કરતા નહીંતર..: રાઉત

મુંબઈ,

મહારાષ્ટ્રની સરકારમાં મચેલી હલચલ વચ્ચે સોમવારે શિવસેના સાંસદ સંજય રાઉતે પ્રેસ કૉન્ફરન્સ કરી. રાજ્યના ગૃહ મંત્રી અનિલ દેશમુખના રાજીનામા પર મચેલા ઘમાસાણને લઈને સંજય રાઉતે કહ્યુ કે જો સરકાર યોગ્ય તપાસ માટે તૈયાર છે તો પછી વારંવાર રાજીનામાની વાત કેમ કરી રહી છે.

સંજય રાઉતે આરોપ લગાવ્યો કે કેન્દ્રીય એજન્સીઓનો ખોટો ઉપયોગ કરીને રાષ્ટ્રપતિ શાસન લગાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે પરંતુ જે આવુ પગલુ ઉઠાવી રહ્યા છે તેમના માટે યોગ્ય હશે નહીં. જો આવુ વિચાર્યુ તો હુ ચેતવણી આપુ છુ કે આ આગ તેમને પણ સળગાવી દેશે.





શિવસેના સાંસદ સંજય રાઉતે કહ્યુ કે જો એનસીપી પ્રમુખ શરદ પવારે એ નક્કી કર્યુ કે અનિલ દેશમુખની ઉપર જે આરોપ લગાવવામાં આવ્યા છે તેમાં તથ્ય નથી તો તેમની તપાસ થવી જોઈએ. સંજય રાઉતે કહ્યુ કે જો અમે બધાના રાજીનામા લેતા રહીશુ તો સરકાર ચલાવવી મુશ્કેલ થઈ જશે.

સંજય રાઉતે કહ્યુ કે જ્યાં સુધી ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી છે ત્યાં સુધી તમામ કેસની તપાસ યોગ્ય રીતે કરવામાં આવશે. શિવસેના નેતાએ સ્પષ્ટ કર્યુ કે મુંબઈના પૂર્વ પોલીસ કમિશ્નરના ખભા પર બંદુક રાખીને ગોળી ચલાવવામાં આવી રહી છે, વિરોધી પક્ષ લોકોને ગુમરાહ કરી શકે નહીં.

શિવસેના સાંસદ સંજય રાઉતે કેન્દ્ર પર નિશાન સાધતા કહ્યુ કે કેન્દ્રીય એજન્સીઓને મહારાષ્ટ્રમાં મોકલવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, અમે એનઆઈએને સહયોગ કરી રહ્યા છે. સુશાંત કેસમાં જ્યારે સીબીઆઈએ એન્ટ્રી લીધી, ત્યારે પરમબીર જ કમિશ્નર હતા પરંતુ સીબીઆઈ કંઈ નવુ શોધી શકી નહીં.

સમગ્ર વિવાદ પર સંજય રાઉતે કહ્યુ કે ત્રણેય પાર્ટીઓમાં જે પણ નક્કી થયુ છે, અંતિમ નિર્ણય કેબિનેટના મંચ પર મુખ્યમંત્રી દ્વારા જ લેવામાં આવશે. સંજય રાઉતે કહ્યુ કે મહારાષ્ટ્ર વિકાસ અઘાડી સરકારનો કોઈ વાળ પણ વાંકો કરી શકે નહીં અને સરકાર પોતાનો કાર્યકાળ પૂરો કરશે.

### મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની વિરોધપક્ષોની માગણી

શહેરના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન અનિલ દેશમુખ સામે કરેલા ભ્રષ્ટાચાર અને ખંડણી-વસૂલના કામ માટે પોલીસતંત્ર પર કરાતા દબાણના આરોપને પગલે રાજકારણમાં જોરદાર ગરમાટો ફેલાઈ ગયો છે. એમણે પોતાનો આરોપ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેને પત્ર લખીને કર્યો છે. મુખ્ય વિરોધ પક્ષ ભારતીય જનતા પાર્ટી ઉપરાંત રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા, વંચિત બહુજન આઘાડી અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પાર્ટીઓએ આ પ્રકરણમાં વિસ્તૃત તપાસ કરવાની માગણી કરી છે. ભાજપ અને તેના સહયોગી આરપીઆઈએ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માગણી કરી છે.

ભાજપ સહિત અન્ય રાજકીય પક્ષોએ મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માગણી કરી છે. ભાજપના નેતા અને સંસદસભ્ય નારાયણ રાણેએ માગણી કરી છે કે ઉદ્ધવ ઠાકરે મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપે. ભાજપના નેતા સુધીર મુનગંટીવારે કહ્યું છે કે અમે રાજ્યપાલ (ભગતસિંગ કોશ્યારી)ને મળીશું અને એમને કહીશું કે તેઓ મહારાષ્ટ્રમાંની પરિસ્થિતિની જાણ રાષ્ટ્રપતિને કરે. રાષ્ટ્રપતિ શાસનની માગણી આરપીઆઈના રામદાસ આઠવલે અને વંચિત બહુજન આઘાડીના પ્રકાશ આંબેડકરે કરી છે.

## રાજ્યમાં હોસ્પિટલોમાં ૭૦ ટકાથી વધુ બેડ ખાલી, ચિંતા કરવાની જરૂર નથીઃ પટેલ

ગાંધીનગર,

રાજ્યમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે છતાં ચિંતાનો વિષય નથી. સ્થિતિ ગંભીર નથી એવું નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે. તેમણે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે રાજ્યમાં કેસ ભલે વધ્યા પરંતુ ચિંતાનો વિષય નથી. રાજ્યમાં કોરોનાના ૭૦% બેડ ખાલી છે. રાજ્યમાં દર્દીઓને દાખલ કરવા માટે તમામ વ્યવસ્થાઓ કરી રાખી છે પરંતુ હાલમાં જે કેસ આવી રહ્યા છે તે ગંભીર નથી. દર્દીઓ ઘરે સારવાર લઈ રહ્યા છે. આ સંક્રમણ આખા



દેશમાં દરેક રાજ્યમાં વધી રહ્યુ છે. જ્યારે સંક્રમણ વધી રહ્યુ હોય ત્યારે જેમની રોગ પ્રતિકારત શક્તિ ઓછી હોય અને પોઝિટિવ દર્દીઓનાં સંપર્કમાં આવ્યા હોય તેમને સંક્રમણ લાગે છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું, 'રાજ્યમાં આપણે સૌને ઝડપથી વેક્સીન આપી દઈશું. ગઈકાલે ૧૩,૫૭,૦૦૦ નવા વેક્સીનના ડોઝ ફાળવી આપવામાં આવ્યા છે. આ ડોઝમાંથી ગાંધીનગરને ૭,૭૭,૦૦૦ નવા ડોઝ ફાળવી આપ્યા છે. રાજકોટ ખાતે ૧,૬૬,૫૦૦ ડોઝ, વડોદરામાં ૨,૧૩,૪૦૦ ડોઝ ફાળવી આપવામાં આવ્યા છે. આ વેક્સીનના ડોઝ સેન્ટર પરથી તમામ સરકારી દવાખાના, પીએચસી, સીએચસી વગેરે જગ્યાએ ફાળવી નાખવામાં આવશે.'

'નાગરિકોને વધુમાં વધુ સારી રીતે વેક્સીન આપવા માટે આરોગ્ય વિભાગ સક્ષમ છે અને સારી કાર્યવાહી કરી રહ્યું છે. ગઈકાલે રજાના દિવસે પણ ૨ લાખ જેટલી રસી આપવામાં આવી છે અને સરકારનો નિર્ધાર છે કે હવે પછી રોજ ૨ લાખ વ્યક્તિને કોરોના વેક્સીન આપવામાં આવશે જેથી જલ્દીથી આ સંક્રમણની ચેન તોડી શકાય. તેમણે ઉમેર્યુ, 'કોઈ પણ હૉસ્પિટલમાં બેડની સુવિધા ઓછી છે એવું નથી. મોટાભાગના દર્દી ઘરે સારવાર મેળવી રહ્યા છે. ગુજરાત સરકારની જે હૉસ્પિટલમાં કોવિડની સારવારની સુવિધા કરવામા આવી છે તે પૈકીની ૭૦ ટકા બેડ ખાલી છે. તેની સગવડ અને તમામ તૈયારીઓ કરી છે.

## પરમબીર સિંહે CBI તપાસની માગને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી

મુંબઈ,

મુંબઈ પોલીસ કમિશનરના પદ પરથી હટાવવામાં આવેલા પરમબીર સિંહે મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખ પર લગાવવામાં આવેલા લાંચના આરોપીની સીબીઆઈ તપાસની માગ કરી છે. આ અંગે તેમણે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. તાજેતરમાં જ પરમબીર સિંહે ઉદ્ધવ ઠાકરેને એક પત્ર લખ્યો હતો. એમાં કહેવામાં આવ્યું હતું કે આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર સચિન વઝેને ગૃહમંત્રી અનિલ દેશમુખનું સંરક્ષણ હતું અને તેમણે વઝેને મહિને ૧૦૦ કરોડ રૂપિયા જમા કરાવવા માટે કહ્યું હતું.

લેટરમાં કહેવામાં આવ્યું કે પોતાનાં ખોટાં કામોને છુપાવવા માટે મને બલિનો બકરો બનાવવામાં આવ્યો છે. પરમબીર સિંહે અરજીમાં પોતાના આરોપ સાથે જોડાયેલા ઘણા પુરાવા પણ સુપ્રીમ કોર્ટને સોંપ્યા છે. એમ કહેવામાં આવી રહ્યું છે કે સુપ્રીમ કોર્ટે અરજી મંજૂર કરી લીધી છે.

## વાદળછાયા વાતાવરણ બાદ ગુજરાતમાં ગરમીનો પારો ઉંચકાશે

અમદાવાદ,

ગુજરાતના અમુક શહેરોમાં બે-ત્રણ દિવસથી છવાયેલા વાદળછાયા વાતાવરણે ગરમીના અહેસાસને ઓછો કર્યો હતો. પરંતુ આગામી સમયમાં ચામડી શેકી નાંખે એવી ગરમી પડવાની હવામાન ખાતાએ સંભાવના વ્યક્ત કરી છે. સામાન્ય રીતે હોળી પછી રાજ્યભરમાં ગરમી વધવા લાગે છે. વિતેલા દિવસોમાં પણ રાજ્યના અમદાવાદ સહિત શહેરોમાં ગરમીનો અહેસાસ થયો હતો.

હવામાન ખાતાએ કરેલી આગાહી સંકેત આપી રહી છે કે, આશરે બેથી ત્રણ દિવસમાં ગુજરાતભરના તાપમાનમાં વધારો નોંધાશે અને કાળઝાળ ગરમીનો અહેસાસ કરાવશે. હવામાન ખાતા મુજબ આગામી બે-ત્રણ દિવસમાં જ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી શકે છે.

અમદાવાદની વાત કરીએ તો હાલમાં અહીંનું તાપમાન ૩૮ ડિગ્રી પર પહોંચી ગયું છે અને હવે અહીં ગરમીનો પારો ઉંચકાશે. આ સિવાય ઉત્તર ગુજરાતમાં પણ ગરમીનો અહેસાસ થવા પામ્યો છે.

બીજી તરફ ગરમીની સિઝન શરુ થતાં જ લોકોમાં ગરમીથી રાહત આપતા સાધનોની ખરીદી શરુ કરી દેવામાં આવી છે. એસી કુલર અને પંખાનું માર્કેટનો ગ્રાફ પણ તાપમાનના પારાની જેમ ઉપર જઈ રહ્યો છે. લોકોમાં ગરમી સામે રાહત મેળવવા માટે એસી, કૂલરની ખરીદીના ટ્રેન્ડને લઈને સ્થાનિક માર્કેટ અને ઓનલાઈન શોપિંગ માર્કેટમાં પણ સ્કિમો આપવામાં આવી રહી છે.

## કૃષિ ક્ષેત્રે કામ કરતા મજૂરોનું લઘુત્તમ વેતન ૧૬૮થી વધારી ૨૬૮ કર્યું

ગાંધીનગર,

કૃષિ ક્ષેત્રે કામ કરતા મજૂરોનાં વેતનમાં વધારો કરવામાં આવ્યો છે. કૃષિ ક્ષેત્રે કામ કરતા મજૂરોનું લઘુત્તમ વેતન રૂ.૧૬૮થી વધારી હવે રૂ.૨૬૮ કરી દેવામાં આવ્યું છે. ૧ જાન્યુઆરી ૨૦૨૧થી વેતનમાં વધારો કરવામાં આવ્યો છે. વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્યના પ્રશ્નનના જવાબમાં વિધાનસભા ગૃહમાં રાજ્ય સરકારે જવાબ આપ્યો હતો.

કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના પ્રશ્નમા સરકારે જવાબ આપતાં કહ્યું હતું કે, રાજ્યમાં કૃષિ ક્ષેત્રે કામ કરતા મજુરોના વેતનદરમા વધારો કરાયો છે. પહેલાં લઘુત્તમ વેતન અત્યાર સુધી ૧૬૮ રુપિયા મળતા હતા. જે વધારીને ૧-૧-૨૦૨૧ના રોજ ભાવ વધારીને સરકારે ૨૬૮ રુપિયા કર્યા છે.

આમ ૨૦ વર્ષથી નંબર ૧ ગુજરાતમાં મનરેગાનું વેતન દર ઓછું છે જે અન્ય રાજ્યો કરતાં પણ ઓછું છે. ૨૬૮ લઘુત્તમ વેતન દર ઓડિશા કરતા પણ આપડે પાછળ છીએ. ખેત મજૂરો માટે વિપક્ષના નેતા પરેશ ધાનાણીના પ્રશ્નનો શ્રમ અને રોજગાર મંત્રી દિલીપ ઠાકોરે જવાબ આપ્યો હતો. જેમાં તેઓએ કહ્યું હતું કે ૨૬૮ રૂપિયા લઘુત્તમ વેતન છે પરંતુ અન્ય ભથ્થા સાથે કુલ ૩૨૪.૫૪ રૂપિયા થાય છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે ગૃહમાં કહ્યું કે લૉકડાઉનમાં પરપ્રાંતીય શ્રમિકોને વતન મોકલવા માટે રાજ્ય સરકારે પશ્ચિમ રેલવેને રૂ.૬.૮૬ કરોડ ચૂકવ્યા છે. અમદાવાદથી ૧૮૫ ટ્રેન મારફતે ૨.૬૯ લાખ લોકોને મોકલ્યા છે. અને જામનગરથી ૧૬ ટ્રેનમાં ૨૨,૫૦૧ શ્રમિકોને મોકલ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખના સવાલે સરકારે ગૃહમાં લેખિત જવાબ આપ્યો હતો.

## પાંચમી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી

શૂન્યમાંથી સર્જન કરી કુટુંબ માટે ફૂલો પાથરી ગયા, સમગ્ર જીવન પર દુઃખભંજન રહ્યા, ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહીં...! જીવન એવું જીવી ગયા કે સહુના હૃદયમાં ગુંજ્યા કરે, અણધારી વિદાયથી સૌને રડાવી ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે એજ અભ્યર્થના....



### સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ

જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪ | સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦

લી.

સ્વ. કાંતિલાલ પરસોત્તમદાસ પંચાલ | ગં.સ્વ.કલાવતીબેન કાંતિલાલ પંચાલ
દિલીપભાઈ જયંતિલાલ પંચાલ
પ્રવીણકુમાર પરસોત્તમદાસ પંચાલ | કુંજલતાબેન પ્રવીણકુમાર પંચાલ
વિજયકુમાર કાંતિલાલ પંચાલ | ભગવતીબેન વિજયકુમાર પંચાલ
ગં.સ્વ. આશાબેન અજયકુમાર પંચાલ
કૌશલ વિજયભાઈ પંચાલ | કિંજલ કૌશલભાઈ પંચાલ
કમલ વિજયભાઈ પંચાલ | દિપીકા કમલ પંચાલ
કરણ અજયકુમાર પંચાલ | ઉન્નતી રાજેશભાઈ પંચાલ
સૌરભકુમાર રાજેશભાઈ પંચાલ | વૈશ્નવી અજયકુમાર પંચાલ
અમુલ પ્રવીણભાઈ પંચાલ | હેતલ અમુલભાઈ પંચાલ
જીજ્ઞેશકુમાર હસમુખભાઈ પંચાલ | તેજલબેન જીજ્ઞેશકુમાર પંચાલ
મોક્ષા કૌશલ પંચાલ, દ્વિવ્શા કમલ પંચાલ, આયુષી અમુલભાઈ પંચાલ, શીવ જીજ્ઞેશકુમાર પંચાલ, ગૌતમી પંચાલ


### મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં કાંકણપુર બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

દશરથસિંહ સોમસિંહ મકવાણા
કાંકણપુર, તા.ગોધરા, જી.પંચમહાલ

### ખૂબ ખૂબ શુભકામનાઓ....

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ



તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે રમેશભાઈ કે. ભાભોર તેમજ ઉપપ્રમુખ તરીકે અનીતાબેન દામાભાઈ મછાર ની વરણી થતાં ઝાલોદ તાલુકા ભારતીય જનતા પાર્ટી ખૂબ-ખૂબ શુભકામનાઓ પાઠવે છે



રમેશભાઈ કે. ભાભોર
પ્રમુખ, ઝાલોદ તાલુકા પંચાયત, જી.દાહોદ



અનિતાબેન ડી. મછાર
ઝાલોદ તાલુકા પંચાયત ઉપપ્રમુખ જી.દાહોદ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ નગરપાલિકા દ્વારા નિર્માણ પામેલા ડમ્પીંગયાર્ડમાં નવો ઘટસ્ફોટ

- ઘનકચરાના પ્રોસેસીંગ યુનિટને લગતા કામોના મહત્વપૂર્ણ રેકોર્ડ પાલિકા પાસે ઉપલબ્ધ નથી.
- સમગ્ર પ્રકરણની મુખ્ય સચિવ તેમજ વિજિલન્સને તપાસ સોંપાઈ.
- આગામી સમયમાં ચોંકાવનારી હકીકતો બહાર આવવાની આશંકા.
- તત્કાલીન ચીફ ઓફિસરે કરેલ કૌભાંડથી સંલગ્ન વિભાગના નીચલા કર્મચારીઓ પણ અજાણ.

દાહોદ,

દાહોદ નગરપાલિકાના ડમ્પીંગ યાર્ડના કામોમાં થયેલા કથિત રીતે આચરાયેલા કૌભાંડમાં નવો ઘસ્ફોટક થતાં સમગ્ર મામલો ગાંધીનગર સુધી પહોંચી જતા મચી જવા પામ્યો છે. ડમ્પિંગ યાર્ડના કરેલા કામોના અમુક રેકોર્ડને બાદ કોઈ પણજાતના રેકોર્ડ નગરપાલિકામાં ઉપલબ્ધ ન હોવાથી સમગ્ર પ્રકરણમાં મોટું કૌભાંડ આચર્યાની સીધી લીટીમાં સાબિત થાય છે. તેમાં કોઈ બેમત નથી. નગરપાલિકાએ અરજદાર દ્વારા કરેલ આર.ટી.આઈ ના જવાબોમાં ૨૦૧૭/૧૮ ના જવાબો આપી તેમજ ૨૦૧૯/૨૦ ના જવાબો આપવામાં ઠાગાઠૈયા કરી સમગ્ર આરટીઆઇ અને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ છે. જોકે આ તમામ પત્ર વ્યવહારોની વચ્ચે સમગ્ર મામલાની તપાસ માટે ગાંધીનગર વિજિલન્સ તેમજ મુખ્ય સચિવને તપાસ સોંપાઈ જતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે આવનારા સમયમાં ઉચ્ચ કક્ષાએ થવા જઈ રહેલી તપાસોમાં મસમોટુ કૌભાંડ બહાર આવશે તે હાલના તબક્કે લાગી રહ્યો છે.

કેન્દ્ર સરકાર તેમજ રાજ્યની ભાજપ સરકાર દાહોદના સર્વાંગી વિકાસ માટે હંમેશા સકારાત્મક રહી છે.સરકાર તરફથી દાહોદ શહેરના વિકાસ માટે અવારનવાર વિવિધ યોજનામાં ખોબલે ને ખોબલે ગ્રાંટો દાહોદ શહેરને ફાળવે છે.જોકે આ ગ્રાટ દાહોદ સુધી પહોંચતા અને વિકાસ કામોના આખરી ઓપ સુધી પહોંચવા તબક્કાવાર કેટલાંક માધ્યમો વચ્ચેથી પસાર થવું પડતું હોય છે. ત્યારે રાજ્યની ભાજપ સરકારની દાહોદ શહેર પ્રત્યે માયાળુ નીતિને આ વચેટિયા માધ્યમો દ્વારા અંતે દયાળુ ઓપ અપાય છે. ખરો? તે એક સળગતો સવાલ છે. ખેર આખા પ્રકરણની શરૂઆત થાય છે.

ડમ્પીંગ યાર્ડ એટલે કે વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ ખરેખર આ ડમ્પીંગ યાર્ડ ૨૦૧૪ માં અસ્તિત્વમાં આવ્યું હતું. આ ડમ્પીંગ યાર્ડમાં તબબકાવાર કામો થયાં.પરંતુ આ એક ઢાંચો હતો. ખરો ખેલ શરૂ થયો ૨૦૧૮ પછી આવો સમજીયે કેવી રીતે.

દાહોદ નગરપાલિકાના તત્કાલીન ભેજાબાજ ચીફ ઓફિસર ખુબ જ ચતુરાઈ પૂર્વક નગરપાલિકાના કેટલાક કર્મચારીઓની જાણ બહાર ષડયંત્ર રચી એક શાખાની કરોડો રૂપિયાની ગ્રાન્ટ બીજી શાખામાં લઈ જઈ પોતાના મળતીયાઓ જોડે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરી સરકારી તિજોરીને ચૂનો ચોપડી દીધો જેની ગંધ પણ નગરપાલિકામાં કામ કરી રહેલા સંલગ્ન વિભાગની ચલા કર્મચારીઓને ના આવી. પછી આ સમગ્ર પ્રકરણ દબાઈ ગયું અને ચીફ ઓફિસરની બદલી થઈ અને તેઓ જતા રહ્યા પછી. નગર પાલિકાના વહીવટમાં ક્યાંક ગોટાળા થયાની આશંકાએ દાહોદના જાગૃત નાગરિક તેમજ તેમની ટીમે ડમ્પીંગ યાર્ડ સહીતના કામો અંગેની માહિતીઓ માંગતા પાલિકાએ ૨૦૧૭/૧૮ ની અધૂરી માહિતી આપી અને ૨૦૧૯/૨૦ ના કામોમાં જવાબ ચાઉં કરી આખી આર.ટી.આઈ ને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો પરંતુ પાલિકા દ્વારા મળેલ માહિતીની ઝીણવટ ભરી તપાસ કરવામાં આવતાં ભૂગર્ભમાં દટાઈ ગયેલો મસમોટુ કૌભાંડ સપાટી પર આવ્યો.અને એક એક કરીને આ કૌભાંડની સિલસિલા બંધ વિગતો બહાર આવવા લાગી.કોઈપણ બાંધકામ માટે બાંધકામ શાખા હોવા છતાંય આરોગ્ય ખાતાની ગ્રાન્ટ વાપરી શકાય ખરી? અમારી જાણ અને સરકારી નિયમ મુજબ આરોગ્ય હેડ એ બીજી શાખા છે. આરોગ્યના હેડની ગ્રાન્ટ બાંધકામ માટે વાપરી શકાતી નથી. અને જો વાપરવાની હોય તો ફક્ત અને ફક્ત ૨૦ ટકા ગ્રાન્ટ વાપરી શકાય વિકાસનો મુદ્દો હોય તો આ ગ્રાન્ટ વાપરવાં પ્રાદેશિક કમિશનર ની કચેરીએ આની દરખાસ્ત મોકલવાની રહે છે.

પ્રાદેશિક કમિશનર આ ભલામણ /રજૂઆત GMFB ( ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ) માં મોકલી આપે છે.અને જે તે સંબંધિત વિભાગ કે ખાતાકીય કચેરીએ આ ગ્રાન્ટ બીજા હેડ હેઠળ વાપરવા માટે કરેલ રજૂઆત ભલામણ કે દરખાસ્તના આધારે મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ આ મંજૂરીના આધારે ગ્રાન્ટનો હેડ બદલી શકાય છે. પરંતુ આવા કોઈ દસ્તાવેજી પુરાવા નગરપાલિકાએ આરટીઆઈના જવાબમાં આપેલ નથી.

વેસ્ટ પ્રોસેસીંગ યુનિટના આર.ટી.આઈના આધારે ૨૦૧૭/૧૮ ની માહિતી આપી સમગ્ર આરટીઆઈને બારોબાર પતાવી નાખવાનો પ્રયાસ કરાયો હતો.જયારે ૨૦૧૯/૨૦ ની માહિતીમાં ડમ્પિંગ યાર્ડમાં ઉપર બનાવેલ શેડ, તેમજ ખાતર બનાવવા માટેના મશીનરીના ફાઉન્ડેશનનો સી.સી વર્ક અને અન્ય સિમેન્ટ વર્કની કોઈ પણ માહિતી આપેલ નથી.ડમ્પીંગ યાર્ડમાં કામ કરવા માટે શું આ કામ કરવા માટેનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.? રિપોર્ટના આધારે સામાન્ય સભામાં ઠરાવ કરેલ છે.? ઠરાવના આધારે ઓફિસર દ્વારા ટેન્ડરિંગના હુકમ કરેલ છે.?જો ઓફલાઈન ટેન્ડરિંગ થયું હોય તો શું પાંચ લાખથી ઉપરની રકમના ટેન્ડર ઓફલાઈન થઈ શકે છે?જોકે ડમ્પીંગ યાર્ડમાં કરેલ કામ કેટલા કરોડનો છે?તેનો સાચો આંકડો હજી સુધી નગરપાલિકાએ કોઈપણ કાગળો પર આકેલ નથી.પરંતુ ૫૮ કરોડથી વધુના ચુકવણા આ કામોમાં થઈ ચૂક્યા છે. જો કરોડો રૂપિયાના ચુકવણા ડમ્પિંગ યાર્ડના કામોમાં થયાં છે. તો ઓનલાઈન ટેન્ડરિંગની પ્રકિયાની ડિટેઈલ ઈન ટેન્ડર પ્રોસેસ (DTP), વર્ક ઓર્ડર,શિડ્યુલ B ની નકલો ક્યાં છે.? ચાલો બધી પ્રોસેસને નજરઅંદાજ કરીએ તો એજન્સીએ રજૂ કરેલ બીલો, બીલોના આધાર બનેલા વાઉચરો, અને વાઉચરોના આધારે કરેલ ચૂકવણા એટલે ચેકો ક્યા છે? સૌથી મહત્વનો મુદ્દો આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન (MB) મેજરમેન્ટ બુક લખનાર કોણ? મેજરમેન્ટ નો રિપોર્ટ ઓડિટ રિપોર્ટમાં છે કે કેમ? જો આરોગ્ય ખાતાની હેડમાં આ બાંધકામ થયું હોય તો આરોગ્ય ખાતામાં મેજરમેન્ટ કરનાર ટેકનિકલ વ્યક્તિ કોણ? એક સળગતો સવાલ છે.

સૌથી અગત્યના મહત્વનો વસ્તુ છે કે ઘન કચરાના નિકાલ માટે રકામ કરેલ એજેન્સીની કામ કરવાની પદ્ધતિ માં કરેલ આરટીઆઈના જવાબમાં વર્ક ઓર્ડર કરારખત, કામ કરેલ ત્રણેય એજન્સીના ભાવ પત્રક તેમજ લેટરપેડ પણ મળ્યા. પરંતુ બારીકાઈથી અભ્યાસ કરતા કામ કરનાર એજન્સીએ ભાવપત્રકો નગરપાલિકામાં ઈનવર્ડ જ નથી કર્યા.ત્રણેય એજેનસીઓમાંથી એક એજન્સીના લેટરપેડ પર ઈમેલ છે.એ જ વ્યકિતની બીજા ભાવપત્રકના લેટરપેડ પર સહી છે. તો કામ કરનાર ત્રણેય એજન્સી એક જ માલિક છે.કે ?એક જ માલિક છે. તેમજ નિગોશીએશનના લેટર પર પ્રમુખ અને ચીફ ઓફિસરના સહી–સિક્કા કેમ નથી? અને જો ટેન્ડર ઓપન થયું હોય તો ટેન્ડર ઓપનિંગ કરનાર સત્તા અધિકારીના સહી–સિક્કા કેમ નથી.? તેમજ ઠરાવ ઓબ્લિકમાં આપેલ છે. શું ઠરાવ ઓબ્લિકમાં આપી શકાય.? તમારી જાણ મુજબ ઓબ્લીકમાં કરેલ ઠરાવ એટલે સંતાકૂકડીનો ખેલ. જોકે ઘનકચરાના નિકાલ માટે નગરપાલિકાએ માસિક પ્રકિયામાં કુલ ખર્ચો ૨૮ લાખની આસપાસ આવે અને તેમાંય કપાત કરતા ૨૪ લાખનું માસિક ચુકવણું થાય તેમ છે. તેની સામે પાલિકાએ સવા સવા કરોડના માસિક ચુકવણા કેવી રીતે કર્યા તે ભેજા બહારનું છે. જોકે સેગ્રીગેશનની પ્રક્રિયામાં પાલિકાએ જે તે એજેન્સીને કામ આપ્યું હોય તો એ કામોમાં મશીનરી ફીટ કરવા માટેના ફાઉન્ડેશન સહિતના સીસી કામો કરવાની જવાબદારી એજન્સીની હોય તો સીસી વર્કના કામો નગરપાલિકા કરે તે કેટલું વ્યાજબી. સાદી ભાષામાં કહીએ તો દાખલા તરીકે તમે કોઈને ધંધો કરવા માટે જમીન આપો તો એ તમને કમાણી કરીને આપે કે તમે સામે જમીન આપનાર વ્યકિતને પૈસા ચૂકવો.અથવા નફો લેવાનો કે સામે પૈસો ચૂકવવાનો ખેર જે કંઈ પણ હોય પરંતુ હાલ સમગ્ર પ્રકરણમાં ઉચ્ચ કક્ષાએથી મુખ્ય સચિવ તેમજ વિજિલન્સની તપાસો આવી જતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તેમજ વિજિલન્સની ટીમોની તપાસમાં નવી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમાં કોઈ બેમત નથી.

### રોજમરાની ચીજવસ્તુના ભાવ વધતા બે ટંકનો રોટલો મુશ્કેલ

## પેટ્રોલ, ડીઝલ અને ગેસ હવે ખાદ્ય તેલના ભાવ વધતા દાહોદ જીલ્લામાં મધ્યમવર્ગ હેરાન પરેશાન



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

ડીઝલ, પેટ્રોલના ભાવ સતત વધાતા હતા. તે મુજબ હવે ખાદ્ય તેલના ડબ્બાના ભાવ દિન દુગની રાત ચોગની સતત વધે છે. તેને અંકુશ કરવાના કોઈ જ ઉપાય થતા હોય તેવા પ્રયાસ દેખાવા મળતાં નથી. ફેબ્રઆરી માસમાં પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણના ભાવ સૌ દાહોદ જીલ્લાવાસીઓને દઝાડી રહયા તે મુજબ માર્ચ માસની શરૂઆત થયા બાદ તેલના ડબ્બાના રૂા.૨૧૦૦/–થી ૨૪૦૦/–સુધીનો ભાવ દિનપ્રતિદિન વધે છે. જનતા આ ભાવ વધારા થી હેબતાઈ ગઈ છે. તે ભાવને અંકુશ ક્રવામાં સરકારની સફળ ગઈ છે કે પછી તંત્ર અને વેપારીઓની ભીલીભગત થઈ તો નથી તેવું આમ જનતા ચર્ચાઈ રહ્યું છે. હાલમાં દાહોદ જીલ્લામાં હોળી પર્વ મુખ્ય તહેવાર તરીકે આદિવાસીઓમાં ઉજવણી કરતા હોય છે. જેમા ખાદ્યતેલનો વપરાશ પુષ્કળ પ્રમાણમાં હોય છે. જેથી આ દાહોદ જીલ્લાના આદિવાસી સમાજનો મુખ્ય તહેવારના ટાકણે ખાદ્યતેલના ડબ્બાના ભાવ આસમાને છે. તે કેટલું વ્યાજબી છે ? પેટ્રોલ અને ડીઝલના ભાવ વધવાના કારણે ટ્રાન્સપોર્ટનો ખર્ચ થી જીવન જરૂરીયાતની વસ્તુઓના ભાવો પર માર પડતા આમ જનતા ખાસ કરીને મધ્યમવર્ગ જીવન નિર્વાહ કરવું દુષ્કર બન્યું છે. તેમજ સામાન્ય માનવીની ભોજનની થાળી માંથી ધીમેધીમે તમામ વ્યંજનો ઓછા કરતા જોવા મળે છે. દાહોદ જીલ્લામાં તથા દે.બારીઆ શહેરમાં છેલ્લા કેટલા દિવસો થી ખાદ્યતેલ ડબ્બાના ભાવમાં તેજી જણાતા તેમજ પેટ્રોલ–ડીઝલના ભાવમાં ભડકો થતા ટ્રાસ્પોર્ટનો ખર્ચ એકદમ વધી જતા મોંઘવારી બેકાબુ બની જવા પામી છે. તેને કાબુ કરવાનો કોઈ જ ઉપાયનીતા હોય તે દુર દુર સુધી દેખવા મળતું નથી.

ઈંધણના ભાવ વધારાની માઠી અસર સૌથી વધુ ટ્રાન્સપોટીંગ પર પડતા અન્ય જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ પર પડી રહી છે. જેના કારણે ગૃહિણીઓનું ઘરનું આખું બજેટ ખોરવાઈ જતાં ગૃહિણીઓનું ઘર ચલાવવાનું અઘરું થઈ પડયું છે. જેથી પેટ્રોલ–ડીઝલ તથા ગેસને જી.એસ.ટી.માં આવરી લેવા આવે તો ભાવ વધારામાં ઓછો થઈ શકે તેમ છે. સામાન્ય – મધ્યમ વર્ગ આખો દિવસ કાળી મજુરી કરે છે. તો પણ આર્થીક સંકળામણ માંથી બહાર આવવા માટે તેનો પનો ટુંકો પડતો જાય છે. જેથી ગુજરાતની સંવેદન અને ગતીશીલ સરકાર ખાદ્યતેલના ભાવમાં ગગનચુંબી વધારાની છલાંગ થઈ રહી છે. તેને કાબુમાં રાખવા માટે બુધ્ધીજીવી નિષ્ણાંતોને બેઠક રાખી કોઈ સચોટ એકસન પ્લાન બનાવે તેવું આમ જનતાની માંગ ઉઠવા પામી છે. આમ નહીં થાય તો આગામી દિવસોમાં ભાજપ માટે કપરા ચઢાણ સાબિત થશે. મહાનગર સુરત તથા ગોધરા નગર પાલિકાની ચુંટણીના પરિણામે એ ઉદાહરણ પુરા પાડયા છે. તેમ કહીએ તો ખોટું નથી. ઉઠીયા ત્યાંથી સવાર તેમ સમજી આગળ વધીએ એજ સમજદારી છે.

## તરણેતરનો મેળો



જીજ્ઞા કપુરીયા (નિયતી)

આ તરણેતરનો મેળો છે,
અહીં યૌવનરૂપી મસ્તી છે,
અહીં લોકગીત, દુહાને ડાયરા છે,
અહીં હુંડા અને હાજારાસ છે,
આ તરણેતરનો મેળો છે...

અહીં કહુંબા પાણી છે,
અહીં ખુમારી ખાનદાની છે,
અહીં હોકારા ને પડકારા છે,
આ તરણેતરનો મેળો છે......

અહીં વિષ્ણુ, શીવ અને બ્રહ્માના કુંડ છે,
અહીં દ્રૌપદીનો સ્વયંમવર યોજાયો છે,
અહીં અર્જુને મત્સ્યવેદ કર્યો છે,
આ તરણેતરનો મેળો છે...

અહીં શરણાઈની સૂરાવલિ છે,
અહીં છત્રીઓ નયનરમ્ય છે,
અહીં ચકરડાં ને ચકડોળ છે,
આ તરણેતરનો મેળો છે.....

અહીં ભાતીગળ સંસ્કૃતિની શાન છે,
અહીં હસ્તકળાને કારીગરીનું આકર્ષણ છે,
અહીં યુવક યુવતીનાં મિલન ઉત્સવ છે,
આ તરણેતરનો મેળો છે.....

અહીં બીડી ફુંકતાં ભાભા છે,
અહીં જીબનવંતી નાર છે,
અહીં વાલમ વરણાગી છે ,
આ તરણેતરનો મેળો છે......

અહીં વિવિધતાના દર્શન છે,
અહીં હર્ષોલ્લાસની અભિવ્યક્તિ છે,
અહીં લોકજીવનની આગવી ઓળખ છે,
આ તરણેતરનો મેળો છે....

## દાહોદ જિલ્લાની ધોરણ ૧૦ અને ૧૨ ની તેજસ્વી છાત્રાઓનું સન્માન કરતાં કલેક્ટર વિજય ખરાડી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કલેક્ટર વિજય ખરાડીએ જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨માં પ્રથમ આવેલી ૧૨ તેજસ્વી છાત્રાઓનું મોમેન્ટો તેમજ રોકડ પુરસ્કાર આપીને સન્માન કર્યું હતું. જિલ્લા સેવા સદન ખાતે આવેલા સભાખંડમાં આ કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્ર સરકારની બેટી બચાવો, બેટી પઢાવો યોજના અંતર્ગત આ છાત્રાઓને રૂ. ૫૦૦૦ નો ચેક કલેક્ટરએ આપ્યો હતો.

કલેક્ટર ખરાડીએ જણાવ્યું કે, સ્ત્રીઓના સામાજિક–આર્થિક ઉત્થાન માટે શિક્ષણ અનિવાર્ય છે. આપણા જિલ્લાના વિકાસ માટે દિકરીઓ શિક્ષણક્ષેત્રે આગળ વધે તે ખૂબ જરૂરી છે. અત્યારે ઉપસ્થિત દિકરીઓ પણ ઉજ્જવળ કારકિર્દી બનાવે તેવી મારી શુભેચ્છાઓ. ખરૂ જોઈએ તો, સમસ્યા રોજગારીની નહીં, જાગૃકતાની છે. રોજગારીની ઘણી તકો રહેલી છે. પણ તે તકોને ઓળખવી ઘણી મહત્વની છે. યુવાઓએ નોકરી ઉપરાંત સ્વરોજગાર ક્ષેત્રે પણ ધ્યાન કેન્દ્રિંત કરવાની જરૂર છે.

દાહોદમાં ધોરણ ૧૦ માં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલી ત્રણ અને ધોરણ ૧૨ માં ત્રણેય પ્રવાહમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલી નવ હોશિયાર વિદ્યાર્થીનીઓનું કલેક્ટરએ સન્માન કર્યું હતું. જેમાં ધોરણ ૧૦ ની ધ્રુવીબેન ડામોર, ખુશી અગ્રવાલ, નેન્સી પટેલ તેમજ ધોરણ ૧૨ ની રોશની ગામીત, લક્ષ્મી હાડા, કંપા પટેલ, ઝૈનબ કાપડીયા, મહિમા શર્મા, સકિના મલવાસી, સકિના દુધિયાવાલા, સકિના બાજી, ઝૈનબ ગાંગરડીવાલાનો સમાવેશ થાય છે. આ પ્રસંગે જિલ્લાના મહિલા અને બાળઅધિકારી આર. એ. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

## લીમડીની મહિલા સાથે ફેસબુક ઉપર મિત્રતા કરી ગીફ્ટ આપવાની લાલચ આપી બેંક ખાતામાંથી ૫.૪૨ લાખ પડાવી લેતાં ફરિયાદ



દાહોદ,

લગભગ સાતેક માસ પહેલા દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં એક મહિલાને તેના ફેસબુર એકાઉન્ટ ઉપર બે વ્યકિતઓએ મિત્રતા કરી ગીફ્ટ આપવાની લાલચ આપી હતી અને જુદા જુદા સમયે અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં કુલ રૂા.૫,૪૨,૦૯૯ રૂપીયા પડાવી લઈ ઓનલાઈન ઠગાઈ કર્યાની ફરિયાદ મહિલાએ લીમડી પોલીસ મથકે નોંધાવી હતી. આ બાદ દાહોદ જિલ્લાની તમામ પોલીસે ટેકનીકલ એનાલીસીસ ના માધ્યમથી આ કેસ ઉપર સ્પેશીયલ વોચ ગોઠવી ધ્યાન કેન્દ્રીત કરતાં આખરે ૦૭ માસ બાદ આ કેસના મુખ્ય આરોપીઓ એક મહિલા સહિત બે જણાને મુંબઈથી ધરપકડ કરી દાહોદ ખાતે લઈ આવવામાં આવ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલ મહિલા મુંબઈની છે અને તેનો સાગરીત અન્ય દેશ એટલે કે, નાઈઝીરીયાનો છે. પોલીસે આ બંન્ને જણાને કસ્ટડીમાં લઈ સઘન પુછપરછનો ધમધમાટ આરંભ કર્યો છે. ત્યારે પુછપરછમાં અન્ય છેતરપીંડીના ગુન્હાઓનો પણ ભેદ બહાર આવી શકે છે.

ગત તા.૩૧.૦૮.૨૦૨૦ના રોજ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં રહેતી શર્મિલાબેન કેતનકુમાર દવે દ્વારા નોંધાવેલ ફરિયાદના આધારે બે અજાણી વ્યકિતઓ દ્વારા શર્મિલાબેનના ફેસબુક એકાઉન્ટ ઉપર ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી તેઓને પોતાની મન ઘડત વાતો તેમજ લોભામણી વાતોમાં ફસાવી ગીફ્ટ આપવાની લાલચ આપી હતી અને શર્મિલાબેન પણ આ ગીફ્ટની લાલચમાં આવી ગયાં હતાં. સમયે જુદા જુદા સમયગાળા દરમ્યાન શર્મિલાબેનને અજાણી ફેસબુક ફ્રેન્ડ દ્વારા અલગ અલગ ખાતામાં અલગ અલગ સમયે કુલ રૂા.૫,૪૨,૦૯૯ ની માતબર રકમ પડાવી લીધી હતી અને ત્યાર બાદ કોઈ ગીફ્ટ ન મોકલતાં અને શર્મિલાબેન પોતે છેતરાયા હોવાનું અનુભવ થતાં પરિવાર સાથે તેઓ લીમડી પોલીસ મથકે જઈ આ મામલે ફરિયાદ નોંધાવી હતી.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ અને ભુતકાળમાં પણ દાહોદ જિલ્લામાં આવા અનેક બનાવો બન્યા હોવાના રેકોર્ડોની તલસ્પર્શી તપાસનો ધમધમાટ દાહોદ જિલ્લા પોલીસ ટીમે આરંભ કર્યો હતો. આ તપાસમાં પોલીસે ટેક્નીકલ એનાલીસીસની મદદ સહિત અન્ય તપાસો પણ હાથ ધરી હતી અને મળેલ બાતમીના આધારે આ કેસમાં સંડોવાયેલ મુંબઈની મહિલા હેયો મીચંગ અને નાઈઝીરીયાનો પ્રિન્સ ઈફ્રેની મન્ડુક્સાઈ નામના આ બંન્ને વ્યક્તિઓને દાહોદ એલ.સી.બી.પોલીસે મુંબઈ ખાતેથી ધરપકડ કરી દાહોદ લઈ આવ્યાં હતાં.

દાહોદ લાવતાંની સાથે જ આ બંન્ને વ્યક્તિઓના કોરોના રિપોર્ટો સહિત મેડીકલ ચેકઅપ પણ હાથ ધરવામાં આવ્યું હતું. જાણવા મળ્યા અનુસાર આ બંન્નેના કોરોના રિપોર્ટ નેગેટીવ આવ્યાં છે. ત્યારે આ બંન્ને વ્યક્તિઓને હાલ પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવ્યાં છે અને ત્યાં સઘન પુછપરછ પણ હાથ ધરવામાં આવી રહી છે. જો પોલીસ દ્વારા આ બંન્નેની સઘન પુરછપરછ કરવામાં આવે તો આ લોકો દ્વારા બીજા કેટલા લોકોને પોતાના કારનામાથી નિશાન બનાવ્યાં હશે? તેવી અનેક હકીકતો બહાર આવવાની સંભાવનાઓ પણ વ્યક્ત કરાઈ રહી છે.

## દાહોદ જીલ્લામાં ૧૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે ફરી કોરોના સંક્રમણના કેસોમાં વધારો જોવા મળ્યો છે. આજે એક સાથે ૧૮ લોકો કોરોના સંક્રમણની ઝપેટમાં આવ્યાં છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોનાનો કુલ આંકડો ૨૯૭૫ને પાર કરી ગઈ છે. ત્યારે આરોગ્ય તંત્ર અને જિલ્લા વહીવટી તંત્રે વધતાં કોરોના સંક્રમણના કેસોને પગલે અનેક આરોગ્ય લક્ષી કામગીરી જિલ્લામાં આરંભી દીધી છે. આજે આર.ટી.પી.સી.આર.ના ૧૮૨ પૈકી ૧૮ દર્દીઓનો કોરોના રિપોર્ટો પોઝીટીવ આવ્યાં છે. આ ૧૮ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૭, ઝાલોદ અર્બનમાંથી ૦૩, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૩, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૩, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૧ અને લીમખેડામાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. છેલ્લા ૦૪ દિવસમાં જિલ્લામાં કુલ ૬૬ કોરોના પોઝીટીવ કેસો નોંધાતાં જિલ્લાવાસીઓમાં ફફડાટ સહિત ભયનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. ત્યારે બીજી તરફ ખાસ કરીને દાહોદ શહેર વિસ્તારમાં કોરોના સંક્રમણના કેસો વધતાં જોવા મળી રહ્યાં છે. દાહોદ ગ્રામ્ય વિસ્તારમાં પણ સંક્રમણ ફેલાતું જોઈ શકાય છે. છુટા છવાયાં અન્ય તાલુકા,વિસ્તારોમાં પણ કોરોના ધીમે ધીમે પગ પેસારો કરી રહ્યો છે તે પણ એક ચિંતાનો વિષય છે ત્યારે આ તમામ બાબતો પર આરોગ્ય તંત્ર પણ દયાન કેન્દ્રીત કરી સેનેટરાઈઝરીંગ ઝંટકાવની કામગીરી પણ આરંભી દેવામાં આવી છે. બીજી તરફ દર રવિવારે વાણિજ્ય પ્રવૃતિઓ બંધ રાખવાના નિર્ણય સાથે રવિવારે શહેર સહિત જિલ્લામાં પણ સેનેટરાઈઝરીંગ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. ક્યાંકને ક્યાંક જિલ્લામાં લોકોમાં અવેર્નેશના અભાવે પણ કોરોના સંક્રમણ ફેલાઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ફરજીયાત માસ્ક, સેનેટરાઈઝર અને સોશીયલ ડિસ્ટન્સનો અમલ કરવા જાહેર જનતાની અપીલ પણ કરવામાં આવી રહી છે. આજે ૦૩ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૭૫ પર પહોંચી છે.

## ફતેપુરાના કાળીયા ગામે રસ્તા બાબતે જુથ અથડામણ ચાર વ્યકિતને ઈજાઓ

દાહોદ,

ફતેપુરા તાલુકાના કાળીયા ગામે જમીનમાંથી રસ્તો કાઢવા મામલે બે જુથો વચ્ચે સામસામે મારક હથિયારો ઉછળતાં ચાર જેટલા વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તમામને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં છે. જ્યારે આ સંબંધે બંન્ને પક્ષો દ્વારા સામસામે પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

કાળીયા ગામે રહેતા રાકેશભાઈ માનસીંગભાઈ મછાર, માનસીંગભાઈ મનાભાઈ મછાર, રાજુભાઈ માનસીંગભાઈ મછાર, મહેશભાઈ માનસીંગભાઈ મછાર અને માનસીંગભાઈ ઉકેડભાઈ મછારનાઓ ગત તા.૨૧મી માર્ચના રોજ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી તેમના જ ગામમાં રહેતા તુષારભાઈ કાળુભાઈ મછારના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો કેમ અમારી જમીનમાં રસ્તો કાઢવા માટે આવો છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ધારીયા, કુહાડી અને લાકડીઓ વડે ભાવિનભાઈ અને રાજુભાઈ માનસીંગભાઈને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી મારી નાંખવાની ધમકી આપી નાસી જતાં આ સંબંધે તુષારભાઈ કાળુભાઈ મછારે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સામાપક્ષેથી કાળીયા ગામના રાજુભાઈ માનસીંગભાઈ મછાર દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, પોતાના જ ગામમાં રહેતા ભાવીનભાઈ કાળુભાઈ મછાર, તુષારભાઈ કાળુભાઈ મછાર, શરદભાઈ રામસીંગભાઈ મછાર, રાહુલભાઈ બાબુભાઈ મછાર અને અરવિંદભાઈ વાઘજીભાઈ મછારનાઓ એકસંપ થઈ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું કેમ રસ્તો કાઢવા દેતો નથી, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ કુહાડીની મુદર વડે, લોખંડની પાઈપ વડે તેમજ ગડદાપાટુનો માર મારી રાજુભાઈ અને રાકેશભાઈને શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી.

ઉપરોક્ત બંન્ને ફરિયાદોને આધારે સુખસર પોલીસે બંન્ને પક્ષો તરફથી ફરિયાદ લઈ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 178

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા સિવિલ હોસ્પિટલ પાસે

# વીજ ટ્રાન્સફોર્મર ઉપર ચડેલ દર્દીને કરંટ લાગતા ગંભીર રીતે દાઝી જતાં અફડાતફડી



ગોધરા, ૧૦૮ મારફતે મોરવા(હ) પી.એચ.સી. માંથી વધુ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ એક ટીબી અને માનસીક રોગ થી પીડાતો દર્દી અચાનક હોસ્પિટલની પાછળ વીજ ટ્રાન્સફરમર ઉપર ચડી જતાં ધડાકો સર્જાયો હતો.જેના કારણે લોકોમાં દોડધામ મચી જવા પામી હતી. ચાલુ વીજ પ્રવાહ પસાર થતો હોય આ ડીપી ઉપર ચડેલ દર્દીને કરંટ લાગતા હાથના ભાગે દાઝી ગયો હતો. આ બિહામણા દ્રશ્યો જોતા ઉપસ્થીતોમાં ભયની લાગણી વ્યાપી ગઈ હતી. બાદમાં તાત્કાલીક અસર થી તેને નીચે ઉતારીને આ દર્દીની ગંભીર હાલત જોતાં સારવાર શરૂ કરવામાં આવી છે.

મોરવાહડફ પી.એચ.સી.સેન્ટર નો દર્દી મોહનભાઈ પર્વતભાઈ રાવત છેલ્લા કેટલાક સમય થી ટીબી અને માનસીક રીતે પિડાઈ રહ્યા હતા. સોમવારના રોજ આ દર્દી મોહનભાઈ ને વધુ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા હતા. ગોધરા સિવિલ હોસ્પિટલમાં ચાલી રહેલી સારવાર દરમિયાન દર્દી વોર્ડ માંથી બહાર નીકળીને સંકુલમાં આમ તેમ આંટા મારી રહ્યો હતો. ત્યારે અચાનક સિવિલ હોસ્પિટલ પરિસરના પાછના ભાગે આવેલ વીજ ટ્રાન્સફરમર ધરાવતી હાઈટેન્શન લાઈન ઉપર ચડી ગયો હતો અને ચાલુ વીજ પ્રવાહ ધરાવતી આ સાધનોને સ્પર્શવામાં આવતાં ઉંધીગુલાટે લટકી ગયો હતો. જીવંત વિદ્યુત વાળી વીજ ડીપી પર ચઢી જતા મોટો ધડાકો થતા આસપાસ માંથી લોકો દોડી આવ્યા હતા. ભયનો માહોલ સર્જાયો હતો. અને

- યુવક ચાલુ વીજ સપ્લાયવાળા ડીપી ઉપર ચડી જતાં મોટો ધડાકો થયો.
- દોડધામ વચ્ચે યુવકને ટ્રાન્સફોર્મર ઉપર થી ઉતારી સારવાર શરૂ કરાવાઈ.
- યુવકને હાથમાં ગંભીર ઈજાઓ પહોંચવા સાથે આબાદ બચાવ.
- હોસ્પિટલના સત્તાધીશોમાં દોડધામ મચી જવા પામી.
- વધુ એકવાર સિવિલ હોસ્પિટલની બેદરકારીનો કિસ્સા થી ગોધરા શહેરમાં ચકચાર મચી.

લોકોએ બચાવ બચાવની બૂમો પાડતા સિવિલ માંથી તબીબી ટીમ દોડી આવીને જીઈબી તંત્રને જાણ કરવામાં આવી હતી. બીજી તરફ ઉંધા માથે લટકેલ આ યુવાનને જોતાં બિહામણા દ્રશ્યોને લઈને દોડી આવેલા લોકોના જીવ તાડવે ચોંટી ગયા હતા. અને તેના માટે અનુકંપા વ્યક્ત કરી હતી. ગંભીર રીતે ડાબા હાથે દાઝી ગયેલ યુવક ને સ્થાનિકો અને વીજ કંપનીના કર્મચારીઓ દ્વારા ગણતરીના સમયમાં વીજ ડીપી પરથી ઉતારીને આબાદ બચાવી લેવાયો હતો. દાઝી ગયેલા આ યુવકને તાત્કાલીક અસરથી સારવાર શરૂ કરી દેવામાં આવી હતી.

માનસિક રોગ થી પહેલે થી જ ટીબી અને માનસીક રીતે પિડાતા આ દર્દી દાઝયા બાદ તેના હદયને અસર પહોંચતા તેની હાલાત ગંભીર બની હતી. પરંતુ તબીબી દ્વારા ઓકિસજન તથા દવા આપવામાં આવીને તેને બચાવવા માટેના પ્રયત્નો આદર્યા હતા.

પીડાતો હોવાનું તેમજ ટી.બી પેશન્ટ હોવાનું સિવિલના સિવિલ સર્જન દ્વારા જણાવાયું હતું.ત્યારે આ દર્દીએ સિવિલ પરિસર માં આવેલી ચાલુ વીજ ડીપી પર ચડી ગયો હતો. જે ચાલુ સપ્લાય વાળી ડીપી પર ચોંટી ગયો હતો.જે યુવક ને સ્થાનિકો એ વીજ ડીપી પરથી ઉતારી વધુ સારવાર આપવામાં આવી હતી. ત્યારે આ બનાવને લઈ સિવિલ હોસ્પિટલના સત્તાધીશોમાં દોડધામ મચી જવા પામી હતી.ત્યારે વધુ એકવાર સિવિલ હોસ્પિટલની બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. બનાવને પગલે ગોધરા શહેર માં ચકચાર મચી જવા પામી છે.

# મોરવા(હ) બેઠકની વિધાનસભા પેટા ચુંટણીમાં સાચા આદિવાસીને રાજકીય પાર્ટી ટીકીટ આપે તેવી માંગ સાથે જીલ્લા કલેકટરને આવેદન




ગોધરા, આગામી ૧૨૫ મોરવાહડફ વિધાનસભાની પેટા ચૂંટણી અંતર્ગત વિવિધ રાજકીય પક્ષો દ્વારા મોરવાહડફ બેઠક પર એક સાચા આદિવાસી ને જ ટીકીટની ફાળવણી કરવામાં આવે તેવી માંગ પંચમહાલ અને દાહોદના આદિવાસી સમાજના લોકો દ્વારા પંચમહાલ જિલ્લા કલેકટર મારફતે ભારત દેશના રાષ્ટ્રપતિ તેમજ રાજ્યના રાજ્યપાલ ને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

ત્યારે રજુઆતમાં જણાવ્યા અનુસાર તાજેતરમાં આગામી સમયગાળા માં ૧૨૫ મોરવાહડફ વિધાનસભા બેઠક ની પેટા ચૂંટણી યોજવાની છે. ત્યારે વિધાનસભાની આ બેઠક માટે અગાઉ પણ આદિવાસી અનામત સીટ હોવા છતાં બિન આદિવાસી (બની બેઠેલા આદિવાસી)ઓને ટીકીટ આપી ધારાસભ્ય બનાવી દેવામાં આવ્યા હતા.જે મામલે હાઈકોર્ટ માં કેસો પણ પેન્ડિગ હોવાનું જાણમાં છે. જેથી કરી ને આવનારી વિધાનસભાની ચુંટણીમાં કોઈ પણ રાજકીય પક્ષ દ્વારા બની બેઠેલા આદિવાસીઓ ને ટીકીટ ના આપે અને ટીકીટ આપતા પહેલા ઉમેદવાર એક સાચો આદિવાસી છે કે કેમ તેની ચકાસણી કર્યા બાદ જ તેવી તકેદારી સરકાર તેમજ વિવિધ રાજકીય પક્ષો દ્વારા રાખવામાં આવે અને આદિવાસીઓના બંધારણીય હક્કો પર તરાપ મારવામાં ના આવે તેની ખાસ તકેદારી રાખવા માટેની માંગ કરવામાં આવી હતી. ત્યારે કોઈપણ સંજોગોમાં જો બિન આદિવાસી ને ટીકીટ ફાળવવામાં આવશે તો આદિવાસી સમાજના લોકો ચૂંટણી બહિષ્કાર કરશે ની ચીમકી પણ ઉચ્ચારવામા આવી હતી.

# પંચમહાલમાં કોરોનાનો પુનઃ કહેર, સોમવારે વધુ ૨૩ કેસ નોંધાયા

ગોધરા શહેર-૧૬, ગોધરા ગ્રામ્ય-૦૨, કાલોલ-૦૩, હાલોલ-૦૧, શહેરા-૦૧.

ગોધરા, પંચમહાલ જિલ્લામાં સોમવાર ના રોજ કોરોનાના નવા ૨૩ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૨૬૬ થવા પામી છે. જ્યારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૧૫૫ થઈ છે. જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં આજે મળી આવેલા કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૧૬, કાલોલમાંથી ૦૩, અને હાલોલમાંથી ૦૧ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩૧૭૭ થવા પામી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ગોધરામાંથી ૦૨ અને શહેરામાંથી ૦૧ કેસ મળતા અત્યાર સુધીમાં ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૮૯ કેસો મળી આવ્યા છે. આજે કુલ ૧૨ દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી છે. આ સાથે રજા મેળવનારા કુલ વ્યક્તિઓની સંખ્યા ૩૯૬૮ થવા પામી છે. જિલ્લામાંથી અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસોની સંખ્યા ૪૨૬૬ થવા પામી છે.

ત્યારે પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણ વધતા કોરોના કેસોની સંખ્યામાં ધરખમ વધારો નોંધતા માત્ર જિલ્લાના ગોધરા શહેર અને તાલુકામાં જ આજે ૧૮ કેસ નોંધાતા ગોધરા વાસીઓમાં ફફડાટ ફેલાવા પામ્યો છે. ત્યારે પરિસ્થિતિ હજી પણ વણસી શકવાની પુરેપરી સંભાવના રહેલી હોય માટે સૌ કોઈએ સોશિઅલ ડિસ્ટન્સ નું પાલન,માસ્ક અને સેનેટાઈઝરનો મહત્તમ ઉપયોગ થકી સાવધાની કેળવવી જ પડશે.

# કાલોલ ડેરોલગામ હાઈસ્કુલમાં શિક્ષકને પોઝિટિવ કેસ આવતાં શિક્ષક ગણમાં ફફડાટ

કાલોલ, કાલોલ ડેરોલગામ હાઈસ્કુલમાં શિક્ષકને પોઝિટિવ કેસ આવતાં શિક્ષકગણમાં અફડાતફડી સર્જાઈ હતી. જોકે આ શાળાના તમામ શિક્ષકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આમ, એક શિક્ષક ઝપેટમાં આવતાં લોકોમાં ભય વ્યાપ્યો છે.

કાલોલ નગર અને તાલુકામાં કોરોનાનાં નવા કેશો ફુટી નિકળ્યા છે. કાલોલ તાલુકાનાં ડેરોલગામ હાઈસ્કુલમાં એક શિક્ષકનો કેસ પોઝિટિવ આવતાં શિક્ષક ગણમાં હફરાતફરી મચી જવાં પામી હતી. તાજેતરમાં જ કેટલાક વગેની મંજુરીના આધારે શિક્ષીકા કાયે શરૂ કરવામાં આવ્યું હતું.પરંતુ હાઈસ્કુલના એક શિક્ષક સંક્રમણમાં આવતાં શુક્રવારે શાળાનાં આચાર્ય દ્વારા તમામ શિક્ષકોને કોવિડ-૧૯ નો ટેસ્ટ કરાવવા ડેરોલગામ ખાતે આવેલ પી.એસ.સી.માં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ આવાં સમયે આરોગ્ય વિભાગની ટીમની લાપરવાહીના કારણે સ્ટાફ પી.એસ.સી.ખાતે હાજરમાં હોવાનાં આક્ષેપ શાળાનાં આચાર્ય દ્વારા ટેલિફોનીક વાતચીત કરતાં જાણવા મળ્યું હતું.આ સંદર્ભે કાલોલ આરોગ્ય વિભાગને જાણ થતાં તાત્કાલિક ડેરોલ પી.એસ.સી.ના સ્ટાફ દોડતો થઈ ગયો હતો.ડેરોલગામ હાઈસ્કુલ ના લગભગ ૨૫ જેટલા શિક્ષકોની કોવિડ-૧૯ નો ટેસ્ટ કરાવતાં અન્ય એક મહીલા શિક્ષિકાનો પણ પોઝિટિવ આવ્યા હોવાનું શાળાનાં આચાર્ય સાથેની વાતચીત દ્વારા જાણવાં મળ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા ડેરોલગામની ચોક્કસ પણે સવે કરી કોવિડનાં નિયમોનો સત્વરે પાલન કરાવવા માટે આરોગ્ય વિભાગ અને તંત્ર દ્વારા અમલ કરાવવામાં આવશે કે કેમ તે હવે જોવાનું રહ્યું.

# શહેરાના બાહી ગ્રામ પંચાયતના વોર્ડ નં.૭માં દબાણ દુર ન થતાં આત્મવિલોપનની ચિમકી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

> હું ગ્રામ પંચાયત ના સભ્યની રજૂઆતને લઈને મુલાકાત તે વોર્ડ ની લેવાની છું. દબાણ હશે તો દૂર કરવા માટે ની જરૂરી કાર્યવાહી કરવામા આવશે.
> સંગીતા બેન, ગ્રામ પંચાયત તલાટી

શહેરા, શહેરાના બાહી ગ્રામ પંચાયતના સભ્ય એ પોતાના વોર્ડ નંબર -૭ માં રસ્તા સહિતનુ દબાણ દુર કરવા બાબતે રાજ્યના મુખ્ય મંત્રી થી લઈને જિલ્લા કલેકટર સુધી રજૂઆત કરી હતી. ગ્રામ પંચાયત સભ્યની રજૂઆત બાદ દબાણ દૂર નહીં થયેલ હોવાનુ લાગતા ૨૫/૩/૨૧ ના રોજ ગ્રામ પંચાયત કચેરી પાસે આત્મવિલોપન કરનાર છે.

શહેરા તાલુકાના બાહી ગામની ગ્રામ પંચાયતમા પરમાર કમલેશ શનાભાઈ વોર્ડ નંબર-૭ના સભ્ય છે. ગ્રામ પંચાયતના સભ્ય કમલેશભાઈ એ પોતાના વોર્ડ નંબર સાતમાં થયેલા રસ્તા સહિતના દબાણ દૂર કરવા માટે તાલુકાથી લઈને જિલ્લા કલેકટર સુધી રજૂઆત કરી હતી. તેમ છતાં તેઓ ને ન્યાય નહીં મળે તેવું લાગતા આખરે રાજયના મુખ્યમંત્રી ને પણ આ દબાણ બાબતે રજૂઆત કરી હતી. ગ્રામ પંચાયત સભ્ય પરમાર કમલેશે ટેકરા ફળિયામાં રસ્તા સહિતના દબાણો દૂર ના થતા હોવાને લઈને આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી છે. પંચાયત સભ્ય ૨૫/૩/૨૧ ને ગુરૂવારના રોજ બાહી ગ્રામ પંચાયત કચેરી ખાતે આત્મવિલોપન કરે તે પહેલા સબંધિત તંત્ર તેમજ તાલુકા વિકાસ અધિકારી આ ગામમાં આવેલ વોર્ડ નંબર-૭ ની મુલાકાત લઈને નિષ્પક્ષ તપાસ કરવા સાથે જરૂરી કાર્યવાહી હાથધરીને દબાણ હોય તો દૂર કરવામાં આવે જેથી રસ્તાઓ પણ પહોળા થાય તેમ છે. હાલ તો ગ્રામ પંચાયત સભ્ય કમલેશ પરમાર દબાણ બાબતે આત્મવિલોપન કરનાર હોવાનું ગામમાં વાત વાયુવેગે પ્રસરી જતા ચર્ચાનો મુદ્દો બની જવા પામ્યો છે.

# કાલોલના ચલાલી રોડ પર ઓવરલોડ રેતી ભરેલ ટ્રેક્ટર ઝડપાયું


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકાની ગોદમાં નદીમાં બેફામ રેતી ખનણ કરતાં માફીયાઓ સામે પોલીસે લાલ આંખ કરી હતી. ચલાલી રોડ ઉપર રેતી ભરેલા ટ્રેક્ટરનો પીછો કરીને ઝડપી પાડવામાં આવ્યું હતું.

કાલોલ તાલુકાના ચલાવી ગોદમાં નદીમાંથી વેજલપુર થી ચલાવી જવાનાં રસ્તા પર બેફામ રેતીના ઓવરલોડ ટ્રેક્ટરો ફરતાં હોય છે. જ્યારે આવાં ખનિજ માફીયાઓ સામે ખાણખનીજ વિભાગનાં હાથ પણ ટુકા પડતાં હોય છે. જેથી બેફામ રેતીનું ખનણ કરતાં ખનિજ માફીયાઓ ધુમ કમાણી કરતાં હોય છે. જ્યારે અંતે આવા ખનિજ માફીયાઓ નો ટોપલો સામાન્ય રીતે આમ જનતાં પોલીસનાં માથે ટોપલાં ઢોળી દેતાં હોય છે.જ્યારે આવા બેફામ રીતે ખનણ કરતાં ખનિજ માફીયાઓ સામે પોલીસે લાલ આંખ કરી ચલાવી રોડ પર રેતી ભરેલાં ટેક્ટરનો પિછો કરી પોલીસે ઝડપી પાડી ખુટતી કાયેવાહી કરી હતી.

# કાલોલના રોડનાં વિકાસના કામોમાં કંજુસાઈ કરતાં તાજેતરનાં રોડ પર ખાડા


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, છેલ્લા કેટલાક સમય થી કાલોલના વિવિધ વિસ્તારના રોડ તૂટફૂટ થયા હતા. તાજેતરમાં નવિનીકરણની મંજુરી મળી છે. પરંતુ કોન્ટ્રાકટરો દ્વારા વિકાસના કામોમાં કંજુસાઈ કરતાં બિનગુણવત્તાનું કામ કરવામાં આવ્યાના આક્ષેપો ઉઠયા છે.

કાલોલ નગરનાં રસ્તાઓ સાવ ખખડધજ બની ગયાં હતાં. જેને કારણે કાલોલ નગરજનોને અનેક મુસ્કેલીઓ ઉપસ્થિત થતી હતી. જેથી સમાચાર નાં માધ્યમ થી અનેક વાર તંત્રનું ધ્યાન દોરતાં રાજકીય પક્ષોની આંખ ખુલતા રોડ નાં નવીનિકરણની મંજૂરી મળી છે.જ્યારે હાલ કાલોલ નગરનાં માગોનું કાયે ધમધમતું જોવાં મળે છે. પંરતુ આંખે બાંધેલ કાઢી પટ્ટી સામે કોન્ટ્રાક્ટરોનાં કાળા કરતુસ રાખી યોગ્ય ગુણવત્તાનું કાર્ય જોવા ન મળવાના કારણે તાજેતરનાં રસ્તાઓ પર કપચી અને ખાંડા જોવા મળે છે.જેને કારણે લોકો માં આક્રોશ જોવા મળ્યો હતો. તદુઉપરાંત લોકોનાં રહેઠાણનાં મકાનો સાથે કીચ્ચડ થઈ જતાં સ્થાનિક રહીશોને ઘરની બહાર નિકળતાં પડી જવાનો ભય વ્યક્ત થતો હોય છે.સરકારનાં લાખો રૂપિયાનાં ટેન્કર ઓ ભરી કોન્ટ્રાક્ટઓં તકલાદી રોડ બનાવીને ઘી કેળાં મળી જતાં લોકોમાં ચચોનો વિષય બની ગયો છે.પરંતુ આંખે કાળી પટ્ટી ધારણ કરી હોય તેમ કાલોલ નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ પણ પોતાની આડસ ખંખેરતા હોય તેમ તકલાદી કામગીરી સામે ચુપ ચાપ પંખા ખાઈ મજા લઈ રહ્યા છે.

# કાલોલ મલાવરોડ પર નમી પડેલાં વુક્ષોના ડાળીઓથી અકસ્માતનો ભય



કાલોલ, છેલ્લા કેટલાક સમય થી કાલોલ મલાવ રોડ પર નમી પડેલાં વુક્ષોના ડાળીઓથી આવતા જતા વાહન ચાલકોને અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. અગાઉ અનેકવાર રજુઆત કરવા છતાં આ જોખમી ડાળીઓને સાફ સફાઈ કરવામાં આવી નથી.

કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જતાં મુખ્ય માર્ગની બંને સાઈડો પર વુક્ષો જોવા મળતાં હોય છે. આવા વુક્ષો ઉનાળામાં ગરમી સામે રક્ષણ આપતા હોય છે. પરંતુ ક્યારેક છાંયડાઓ આપતાં વુક્ષો જમીન તરફ ઢળી પડતાં હોય છે. જ્યારે આવાં માગો પર વાહન વ્યવહારના ધસારો જોવા મળી રહે છે. જેનાં કારણે નમી પડેલાં વુક્ષોના ડાળીઓથી અકસ્માતનો ભય સર્જાતો હોય છે. છેલ્લા કેટલાક સમય થી કાલોલ મલાવ રોડ પર નમી પડેલાં વુક્ષોના ડાળીઓથી આવતા જતા વાહન ચાલકોને અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. અગાઉ અનેકવાર રજુઆત કરવા છતાં આ જોખમી ડાળીઓને સાફ સફાઈ કરવામાં આવી નથી.માર્ગ મકાન દ્વારા જાહેર માર્ગ પર નમી પડેલાં વુક્ષોની ડાળીઓ ઉતારી લેવામાં નહીં આવે તો મોટો અકસ્માત સર્જાઈ તેમ છે. અગાઉ વાંરવાર ગ્રામજનો દ્વારા માંગણી કરવા છતાં કાપણી કરવામાં નહીં આવતાં અકસ્માત સર્જાઈ શકે છે.

# ગોધરા તાલુકાના ગોઠડા ગામે વિજયરાજ કવોરીની માઈન્સમાં સગીર શ્રમજીવી લપસી જતાં મોત

ગોધરા, ગોધરા તાલુકાના ગોઠડા ગામે આવેલ વિજયરાજ કવોરીમાં કામ કરતો રોમશ પૂર્વી ચંપારણ બિહારના શ્રમજીવી માઈન્સમાં કામ કરતા હોય દરમ્યાન પગ લપસી જતાં ગંભીર ઈજાઓ પહોચતા મોત નિપજાવા પામ્યું છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ગોઠડા ગામે આવેલ વિજયરાજ કવોરીમાં કામ કરતા રોમશ પૂર્વી ચંપારણ બિહારના ઈન્તજાર આલમ સલીમ શેખ જે માઈન્સની અંદર કામ કરતા હતા. દરમ્યાન અચાનક પગ લપસી જતાં માઈન્સની ખાઈમાં પડતા ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેને લઈ ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે અકસ્માત મોતની ફરિયાદ નોંધાવા પામી છે.



ધૈયરાજસિંહની સારવાર અર્થે ડેરોલસ્ટેશનનાં જય માતાજી ગ્રુપના વડીલો અને બાળકો દ્વારા રૂા.૧૬,૦૦૦નું ફંડ એકત્ર કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું. મહીસાગર જિલ્લાનાં કાનેસર ગામના વતનીનો પુત્ર ધૈર્યરાજસિંહ એ રાઠોડ પરીવારમાં જન્મ લીધો છે.આ ધૈયરાજસિંહ નામના બાળકને બાળપણથી જ શરીરના કરોડની નશો સુકાતાં તેની સારવારના ખર્ચ માટે રૂા.૧૬ કરોડ ની સહાય બાળકનું જીવન સુધારી શકે છે. જેનાં કારણે દેશભરમાંથી બાળકના સહયોગ માટે ગામેગામ તેમજ શહેરના માર્ગો પર ફંડ એકત્ર કરવા માટે જુવાળ ઉભો થયો છે. લોકો ઉત્સાહિત થઈ બાળકને યથાશક્તિ યોગદાન આપી રહ્યા છે.જેના ભાગરૂપે ડેરોલસ્ટેશનનાં ભુલકાઓએ વડીલોનાં માગેદશેન દ્વારા પીપળા ચોક વિસ્તારમાંથી રૂા.૧૬,૦૦૦/- જેટલી મુડી એકત્ર કરી છે. જે એક બાળક માટે બાળકોનો અનોખો પ્રેમ દશોવી માનવતાનું એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.અને પ્રભુ કૃપાથી ધૈયેરાજસિંહનાં પરિવારમાં વહેલામાં વહેલી તકે આનંદ ઉત્સાહ જોવા મળે તેવું બધા ઈચ્છી રહ્યા છે.



ગોધરા બી ડિવિઝન પોલીસ સ્ટાફ દ્વારા પોલીસ ચોકી નંબર ૨ આગળ દ્વનિ પ્રદૂષણ કરતા બૂલેટોને પકડવા તજવીજ હાથ ધરાઈ હતી.

# મોરવા હડફ પેટાચૂંટણીને ધ્યાને લઈ હથિયારો જાહેરમાં લઈ જવા, પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ

ગોધરા, પંચમહાલ જિલ્લાના ૧૨૫-મોરવાહડફ વિધાનસભા બેઠક માટે જાહેર થયેલ પેટાચૂંટણીને ધ્યાનમાં લઈને જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા (આઈ.એ.એસ.) દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ અંતર્ગત પરવાનાના હથિયારો અને અન્ય હથિયારો ને જાહેરમાં લઈ જવા કે પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ મુકતો જાહેર હુકમ કરવામાં આવ્યો છે. આ હુકમથી ચૂંટણી જાહેર થયેથી ચૂંટણી પરિણામ જાહેર થતા સુધી, જિલ્લાના મોરવા (હ) વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ મોરવા હડફ તાલુકા તથા ગોધરા તાલુકાના મેરપ, ગોલ્લાવ, દહીકોટ, સરસાવ અને ભામૈયા એમ કુલ પાંચ ગામોના વિસ્તારમાં લાયસન્સવાળા હથિયારો તેમજ અન્ય હથિયારો તીક્ષ્ણ અને મારક હથિયારો જેવાકે તલવાર, ભાલા, તીરકામઠા વગેરે જાહેરમાં પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.